સૌરાષ્ટ્ર આસપાસ

# નિવૃત્તિને આડે પાંચ વર્ષ કે ઓછો સમય બાકી હોય તેવા શિક્ષકોને ટેટમાંથી મુક્તિ

## શિક્ષણ વિભાગનો રાજ્યભરના શિક્ષકો માટે ટેટ સંબંધે મહત્વનો અને સ્પષ્ટ નિર્ણય

ગાંધીનગર,

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે રાજ્યભરના શિક્ષકો માટે ટેટ સંબંધે મહત્વનો અને સ્પષ્ટ નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગે જાહેર કર્યું છે કે જે શિક્ષકોની નિવૃત્તિમાં હવે પાંચ વર્ષ કે તેથી ઓછો સમય બાકી છે, તેવા વરિષ્ઠ શિક્ષકોને ટેટ પરીક્ષા પાસ કરવાની ફરજમાંથી મુક્તિ આપવામાં આવશે. આ નિર્ણયને કારણે રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં લાંબા સમયથી ચાલતી ચર્ચાઓને પૂર્ણવિરામ મળ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા અગાઉ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી તમામ શિક્ષકો માટે ટેટ ફરજિયાત કરવાની દિશામાં પગલાં લેવામાં આવ્યા હતા. આ નિર્ણય અંતર્ગત વર્ષ ૨૦૧૧ પહેલાં ભરતી થયેલા તેમજ ૨૦૧૧ પછી ભરતી થયા હોવા છતાં હજુ સુધી ટેટ પાસ ન કરનાર શિક્ષકોની વિગતવાર માહિતી એકત્ર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ માટે જિલ્લાવાર અને શાળાવાર ડેટા માંગવામાં આવતા શિક્ષણ જગતમાં અસંતોષ અને ચિંતા ફેલાઈ હતી.

આ મામલે ખાસ કરીને નિવૃત્તિ નજીક આવેલા વરિષ્ઠ શિક્ષકો માટે આ નિર્ણય પડકારરૂપ બન્યો હતો. ઘણા શિક્ષકો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે લાંબા સમયની સેવા અને અનુભવ હોવા છતાં, ઉંમરના આ તબક્કે સ્પર્ધાત્મક પરીક્ષા આપવી માનસિક અને શારીરિક રીતે મુશ્કેલ બની શકે છે. આ રજૂઆતોને ધ્યાને લઈને શિક્ષણ વિભાગે વરિષ્ઠ શિક્ષકોને ટેટમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, જે શિક્ષકોની નિવૃત્તિ હવે પાંચ વર્ષ કે તેથી ઓછા સમયગાળામાં નિશ્ચિત છે, તેમને ટેટ પરીક્ષા આપવાની ફરજ રહેશે નહીં. જોકે, નિવૃત્તિ માટે વધુ સમય બાકી હોય તેવા શિક્ષકો માટે ટેટ અંગે સરકાર આગામી સમયમાં સ્પષ્ટ નીતિ અથવા માર્ગદર્શિકા જાહેર કરી શકે છે. આ માટે બિન-ટેટ પાસ શિક્ષકોની અલગ-અલગ યાદીઓ તૈયાર કરવામાં આવી રહી છે. આ આંકડાકીય માહિતીના આધારે સરકાર શિક્ષણ ક્ષેત્રમાં લાંબા ગાળાની સુધારણા માટે નવા નિર્ણયો લઈ શકે છે.

# સાઈબર ઠગાઈની એક વર્ષમાં ૬૬૫૮ ઓનલાઈન ફરિયાદ : પોલીસે ૧.૮૦ કરોડની રકમ પરત અપાવી

## બેક્િંગ સમન્વય દ્વારા ટ્રાન્ઝેક્શન ઝડપથી ફ્રીઝ કરવામાં આવતા રિફંડ શક્ય બન્યું

ગાંધીનગર

સાઈબર ક્રાઈમ પોલીસે ગાંધીનગરમાં છેલ્લા એક વર્ષમાં સાયબર ઠગોથી ઠગાયેલા લોકોને અંદાજે ?૧.૮૦ કરોડની રકમ સફળતાપૂર્વક પરત અપાવી છે. ગાંધીનગરમાં સાયબર ગુનાઓના વધતા ખતરા વચ્ચે આ મોટી સિદ્ધિ મળી છે, જ્યાં રાષ્ટ્રીય ટોલ-ફ્રી હેલ્પલાઇન ૧૯૩૦ મારફતે ગયા વર્ષે ૬,૬૫૮થી વધુ ફરિયાદો મળી હતી. આમાંથી મોટા ભાગના ફરિયાદીઓ લાંબી કાનૂની પ્રક્રિયાથી બચવા માટે રકમ પરત મળવાનું પ્રાધાન્ય આપતા હતા, જેના કારણે માત્ર ૫૦ કેસોમાં એફઆઈઆર નોંધાઈ, ગાંધીનગર સાયબર પોલીસ સ્ટેશનમાં ૧૭ એફઆઈઆર દાખલ થઈ. બેક્િંગ સમન્વય દ્વારા ટ્રાન્ઝેક્શન ઝડપથી ફ્રીઝ કરવામાં આવતા રિફંડ શક્ય બન્યું, ખાસ કરીને ડિજિટલ અરેસ્ટ અને રોકાણ



સંબંધિત ઠગાઈના કેસોમાં. વૃદ્ધ પીડિતો ઘણીવાર ખોટી પેન્શન વધારાની કે જમા યોજનાઓમાં ફસાઈ જાય છે. પોલીસે અનેક નકલી વેબસાઇટ્સ બંધ કરી છે. જેમ જેમ એઆઈનો ઉપયોગ વધી રહ્યો છે, તેમ ઠગો પણ નવા રસ્તા શોધી રહ્યા છે. અગાઉ ભાષાની ભૂલો અને પેટર્ન જોઈને કહી શકાય તેમ હતું કે ઈમેલ બેંકનું છે કે અન્ય ક્યાંકનું, પરંતુ હવે ઠગો એઆઈનો ઉપયોગ કરીને ફિશિંગ વેબસાઇટ્સને હુબહુ બનાવે છે, જેના કારણે ફરક કરવો મુશ્કેલ બને છે અને લોકો ફસાઈ જાય છે. અમે સતત લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, જેથી ફ્રોડ થવા પહેલા જ તેને રોકી શકાય.। રવિ તેજા વાસમસેટ્ટી, એસપી- ગાંધીનગર

સાયબર ઠગોની બીજી મુખ્ય પેટર્ન વૃદ્ધોને નિશાન બનાવવાની છે, જેમની પાસે પેન્શન અથવા મોટી જમા રકમ હોય છે અને ટેકનોલોજીની ઓછી જાણકારી હોવાને કારણે તેઓ સહેલાઈથી ફસાઈ જાય છે. ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની આગેવાની હેઠળ રાજ્યવ્યાપી કાર્યવાહી કરવામાં આવી, જેમાં આંતરરાષ્ટ્રીય 'સાયબર સ્લેવરી' રેકેટના માસ્ટરમાઇન્ડની ધરપકડ કરવામાં આવી. સ્થાનિક કેસોમાં ગાંધીનગરના એક વૃદ્ધ નાગરિક સાથે ડિજિટલ અરેસ્ટ દ્વારા ૧૯ કરોડની ઠગાઈ થઈ, જ્યારે ૬૬ વર્ષીય એક વ્યક્તિએ ઝડપી હેલ્પલાઇન મદદથી ૩૫ લાખ પરત મેળવ્યા.

# ગુજરાતમાં વાઘના સંરક્ષણ માટે સ્થાનિકોને તાલીમ અપાશે

## સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં ઈકો ટુરિઝમને વેગ આપવા સાથે વિઝીટર્સ પોલિસી ગાઈડલાઈન્સ તૈયાર કરવા સૂચના અપાઈ

ગાંધીનગર,

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની ૨૬મી બેઠક મળી હતી. જેમાં બનાસકાંઠાના જેસોર રીંછ અભયારણ્યનો રીંછ સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં સમાવેશ સહિતમાં મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ઈકો ટુરિઝમને વેગ આપવા સાથે વિઝીટર્સ પોલિસી ગાઈડલાઈન્સ તૈયાર કરવાના દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. તેમજ વાઘ સંરક્ષણ માટે સ્થાનિકોને તાલીમ આપવામાં આવશે. તેમજ ગુજરાતમાં દીપડાઓની વધતી જતી સંખ્યા અને રેસ્ક્યુ થયેલા દીપડા સહિતના દીપડાઓ માટે અભયારણ્યનું સ્થળ નજીકના ભવિષ્યમાં સુનિશ્ચિત કરવાના આયોજનની પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં મુખ્યમંત્રી સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલી વિગતોમાં રતનમહાલ અભયારણ્યમાં વાઘની હાજરી જોવા મળી છે અને ત્યાં તે સ્થાયી થવાની પૂરી સંભાવનાઓ છે.

# પંચાયતોની પડતર મિલકતો બનશે આવકનું નવું સાધનઃ રાજ્ય સરકારની તૈયારી

## રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ પાસે મિલકતોની સંપૂર્ણ વિગતો મંગાવવામાં આવી

ગાંધીનગર,

રાજ્યની જિલ્લા તથા તાલુકા પંચાયતોને આર્થિક રીતે વધુ સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે પંચાયત વિભાગે મોટો પગલું ભર્યું છે. પંચાયત હસ્તકની પડતર જમીન, બિનવપરાશી મકાનો અને લાંબા સમયથી ઉપયોગ વિના પડેલી મિલકતોના સદુપયોગથી આવક ઊભી કરવાની દિશામાં સરકાર દ્વારા વિશેષ અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે. આ સંદર્ભે રાજ્યભરના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ (ડીડીઓ) અને તાલુકા વિકાસ અધિકારીઓ (ટીડીઓ) પાસે આવી મિલકતોની સંપૂર્ણ વિગતો તાત્કાલિક ધોરણે મંગાવવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ અનેક તાલુકા અને જિલ્લા પંચાયતો પાસે એવી કિંમતી જમીનો છે, જે વર્ષોથી નિષ્ક્રિય હાલતમાં પડી છે. ક્યાંક જૂના મકાનો જર્જરિત બન્યા છે તો ક્યાંક મોકાની જગ્યાઓ દબાણનો ભોગ બની રહી છે. આવી મિલકતોમાંથી પંચાયતોને કોઈ આવક મળતી નથી, ઉપરથી તેની જાળવણી પાછળ ખર્ચ થતો રહે છે. આ સ્થિતિ બદલવા માટે સરકાર હવે લોકભાગીદારી અને જાહેર–ખાનગી ભાગીદારી મોડલ અપનાવવા તરફ આગળ વધી રહી છે. યોજનાના ભાગરૂપે પડતર જગ્યાઓ પર શોપિંગ સેન્ટર, કોમર્શિયલ કોમ્પલેક્સ, પાર્કિંગ સુવિધા કે અન્ય આવકદાયક પ્રોજેક્ટ વિકસાવવાની સંભાવનાઓ ચકાસવામાં આવશે. જો આ પ્રોજેક્ટો અમલમાં આવે તો પંચાયતોને ભાડા સ્વરૂપે સ્થિર આવક મળશે અને સ્થાનિક રોજગારી તથા જાહેર સુવિધાઓમાં પણ વધારો થશે.

# સુરત બ્લુ ડ્રગ્સ કેસમાં માસ્ટરમાઈન્ડ જનક જાગાણી સામે લુકઆઉટ નોટિસની તૈયારી

સુરત,

સુરતના કુખ્યાત બ્લુ ડ્રગ્સ કેસમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે કડક કાર્યવાહી કરી છે. પોલીસે હવે સમગ્ર રેકેટના માસ્ટરમાઇન્ડ માનવામાં આવતા જનક વિઠ્ઠલ જાગાણી સામે લુકઆઉટ નોટિસ જારી કરવા માટે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. જનક હાલમાં લંડનમાં છે.

જનક જાગાણીસુરતના અમરોલી છાપરાભાઠા વિસ્તારનો વતની છે.તેના પિતા પરિવારનું ગુજરાન ચલાવવા માટે હીરાના કારખાનામાં મજૂર તરીકે કામ કરે છે. મધ્યમ વર્ગના હીરા કામદારનો પુત્ર હોવા છતાં, જનક ડ્રગના વેપારમાં કેવી રીતે સામેલ થયો તે તપાસનો વિષય છે. જનક લગભગ દોઢ વર્ષ પહેલા ઉચ્ચ અભ્યાસના બહાને વિદ્યાર્થી વિઝા પર લંડન ગયો હતો, પરંતુ એવું બહાર આવ્યું છે કે તેણે સુરતમાં ડ્રગ (હ્રેપ્નિજ) નેટવર્ક ચલાવવાનું શરૂ કર્યું હતું.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે બ્રિજેશ છેલ્લા બે મહિનામાં જનકના આદેશ પર દવાઓ બનાવવા માટે મોડી રાત્રે પાંચથી વધુ વખત લેબની મુલાકાત લીધી હતી. આ નેટવર્ક દ્વારા સુરતમાં સપ્લાય કરાયેલા ડ્રગ્સના જથ્થા વિશે માહિતી એકઠી કરવામાં આવી રહી છે.

# કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ ૩૨ લાખથી વધુ ખેડૂતોને અત્યાર સુધીમાં રૂ. ૯૪૬૬ કરોડથી વધુ સહાય ચૂકવાઈ

## જમીન સુધારણા અંગે ૩૧ હજારથી વધુ ખેડૂતોને કુલ રૂ. ૧૦૪ કરોડથી લધુની સહાયની ચૂકવાઈ

ગાંધીનગર,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ કૃષિ રાહત પેકેજની પ્રગતિની સમીક્ષા કરી હતી. જે અંગે વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કૃષિ રાહત પેકેજ હેઠળ ખેડૂતોને સહાય આપવા માટે અત્યાર સુધીમાં ૩૨ લાખથી વધુ ખેડૂતોના કુલ રૂ. ૯,૫૧૬ કરોડના ઓનલાઇન બીલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી આજની સ્થિતિએ કુલ ૩૨.૪૯ લાખ ખેડૂતોને કુલ રૂ.



૯,૪૬૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે.

આ બાબતે વિગતો માહિતી આપતાં પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ઓક્ટોબર ૨૦૨૫માં થયેલા કમોસમી વરસાદ સંદર્ભે ૩૩ જિલ્લાઓમાંથી ૩૦,૦૬,૮૬૫ લાભાર્થીના રૂ. ૮,૬૧૦ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજની સ્થિતિએ ૨૯,૯૩,૬૮૯ ખેડૂતોને કુલ રૂ. ૮,૫૭૧ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સપ્ટેમ્બર ૨૦૨૫માં થયેલા ભારે વરસાદથી અસરગ્રસ્ત પાંચ જિલ્લાઓમાંથી ૨,૩૪,૩૮૬ લાભાર્થીના કુલ રૂ. ૭૯૨ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજની સ્થિતિએ ૨,૩૩,૭૭૭ ખેડૂતોને કુલ રૂ. ૭૯૧.૧૯ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. જમીન સુધારણા અંગે માહિતી આપતાં પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ અંગે કુલ ૪૧,૭૭૭ ખેડૂતોની અરજી મળી હતી.

# બોગસ લાઈસન્સ કેસમાં આરટીઓના પાંચ કર્મચારીને ક્રાઈમ બ્રાન્ચનું તેડું

ગાંધીનગર

સોમવારે મોડી રાત્રે અમદાવાદ સિટી ક્રાઈમ બ્રાન્ચે ગાંધીનગરની પ્રાદેશિક પરિવહન કચેરી (આરટીઓ)ના પાંચથી છ કર્મચારીઓ, જેમાં કેટલાક અધિકારીઓ પણ સામેલ છે, તેમની પૂછપરછ કરી હતી. કર્મચારીઓને ૨૦૨૩ના એક કેસ સંદર્ભે સ્ટેટમેન્ટ આપવા બોલાવવામાં આવ્યા હતા, જેમાં આર્મી ક્વોટાના નામે નકલી ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવામાં આવ્યા હતા. હાલ સુધી કોઈની સત્તાવાર ધરપકડ કરવામાં આવી નથી, પરંતુ અધિકારીઓની સ્થળ પર જ પૂછપરછ કરવામાં આવી છે. તપાસ દરમિયાન જમ્મુ-કાશ્મીરના રહેવાસીઓને લાઈસન્સ ટ્રાન્સફર કરવાના કિસ્સાઓ અને ડિજિટલ વૉલેટ મારફતે થયેલી ચુકવણીના ટ્રેસ મળ્યા છે.

આ તપાસ ૨૦૨૩માં સામે આવેલા મોટા ગોટાળાનો આગળનો તબક્કો છે. તે સમયે અમદાવાદ અને ગાંધીનગર આરટીઓ








કચેરીમાંથી આર્મીના દસ્તાવેજોના ઉપયોગથી ૧ હજારથી વધુ નકલી ડ્રાઈવિંગ લાઈસન્સ જારી કરાયા હતા. આ કૌભાંડનો પુણે ખાતેની આર્મી ઈન્ટેલિજન્સે પર્દાફાશ કર્યો હતો. આ કેસમાં ગાંધીનગરના સંતોષ ચૌહાણ (૪૭) અને ચાંદખેડાના ધવલ રાવત (૨૩)ની એજન્ટ તરીકે ધરપકડ કરવામાં આવી હતી. આરોપ છે કે તેમણે ડિફેન્સ ડ્રાઈવિંગ બુક, સર્વિસ સર્ટિફિકેટ અને એનઓસી નકલી બનાવી, દરેક લાઈસન્સ માટે રૂ. ૬,૦૦૦થી ૮,૦૦૦ વસૂલ્યા હતા. આ લાઈસન્સ જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા અને અનંતનાગમાં મોકલવામાં આવ્યા હતા. ૨૦૨૬માં આ કેસની ફરી તપાસ નવી માહિતી અને ટિપ્સના આધારે શરૂ કરવામાં આવી છે, જેમાં અગાઉ ધરપકડ ન થયેલા સાથીદારોની સંડોવણી અંગે શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર પ્રકરણએ આરટીઓ સિસ્ટમની નબળાઈઓને ઉજાગર કરી છે, જેના કારણે ડિજિટલ સુરક્ષા વધુ મજબૂત કરવાની માંગ ઉઠી છે.

# દેશભરના વેપારીઓને નકલી સોનું પધરાવતા બિહારના બંટી-બબલી વડોદરાથી ઝડપાયા

## બંને આરોપી સામે ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી

વડોદરા

દેશમાં સોનાના ભાવ દિવસેને દિવસે આસમાને પહોંચી રહ્યા છે તો બીજી તરફ ગઠિયાઓ સોની બજારમાં સક્રિય થયા છે. છેલ્લા કેટલાક સમયથી ઓછા વજનનું સોનું આપીને સોની વેપારીઓ સાથે લાખોની ઠગાઈ કરતી બિહારની બંટી-બબલી ગેંગ આખરે વડોદરાથી ઝડપાઈ હતી. જૂનાગઢ પોલીસે આ સમગ્ર ઓપરેશન પાર પાડ્યું હતું. આ બંટી-બબલી વેપારી પાસેથી અસલી સોનાના દાગીના માંડીને તેમને સોનાનું વરખ ચડાવેલા પંચધાતુના દાગીના પધરાવી દેતું



હતું. બંને આરોપી સામે ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી.

જેમાં બિહારના રહેવાસી ધર્મેન્દ્ર શાહુ ઉ.૪૮ અને કિરણદેવી સંજયભાઈ યાદવ ઉ.૪૧ હોવાનું તપાસમાં ખુલાસો થયો હતો અને આ આખું કૌભાંડ બિહારના પટનામાં બેઠેલા રવિ સોની અને બનારસના એક વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતું હતું. ચાર દિવસ પહેલા જૂનાગઢ અને કેશોદના વેપારીઓએ આ અંગે એસપીને કરેલી રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ જૂનાગઢ શહેર અને જિલ્લામાં સોની વેપારીને ટાર્ગેટ કરતી આ ગેંગની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભોગ બનનારાઓની પૂછપરછ અને નિવેદનો લઈને આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

જેમાંથી આરોપીઓના નંબર મળ્યા હતા અને પ્રથમ દુકાનમાં પ્રવેશ કર્યો હોય તે સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા હતા. ટેકનિકલ અને સર્વેલન્સ સોર્સના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમને માહિતી મળી હતી કે, આ બંને મહિલા અને પુરુષ વડોદરા તરફ જઈ રહ્યા છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમને વડોદરા તરફ રવાના કરી અને ત્યાંથી આ બંટી-બબલી મળી આવ્યા હતા. આરોપી ધર્મેન્દ્ર શાહુ અને કિરણદેવી સંજયભાઈ યાદવની ધરપકડ કરીને કેશોદ પોલીસને સોંપવામાં આવ્યા છે. આ બંને શખ્સોએ જૂનાગઢ, કેશોદ, જેતપુર સહિતના અનેક શહેરોમાં આવી રીતે ઠગાઈ કરી હોવાનું બહાર આવ્યું છે.


# અમદાવાદમાં પાલતું કૂતરાનું રજીસ્ટ્રેશન નહી કરાવનાર માલિક વિરુદ્ધ થશે પોલીસ કેસ

## રખડતા કૂતરાની સાથોસાથ પાલતું કૂતરાની ફરિયાદમાં વધારો થતા લેવાયો નિર્ણય

અમદાવાદ,

અમદાવાદમાં રખડતા કૂતરાંની સાથે પાલતુ કૂતરાંને લઈને ફરિયાદો વધતા તંત્ર હરકતમાં આવ્યું છે. આ પરિસ્થિતિમાં પાલતુ કૂતરાં રાખવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રજિસ્ટ્રેશન નહીં કરાવનારા માલિકોને પાલતુ કૂતરુ પકડાય તેવા કિસ્સામા પ્રથમ વખત રુપિયા વીસ હજાર, બીજી વખત પકડાય તો રુપિયા પચાસ હજાર સુધીની પેનલ્ટી કરવા એક સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસિજર બનાવી સ્ટેન્ડિંગ કમિટીની મંજુરી મેળવાશે.પાલતુ કૂતરાંના રજિસ્ટ્રેશનથી લઈ અન્ય બાબતોનુ યોગ્ય પાલન નહી કરનારા કૂતરાંના માલિક સામે પોલીસ ફરિયાદ નોંધાવવા પણ કવાયત શરુ કરવામા આવી છે.

જાન્યુઆરી-૨૫થી કોર્પોરેશન તરફથી પાલતુ કૂતરાં રાખવા માટે રજિસ્ટ્રેશન કરાવવુ ફરજિયાત બનાવામા આવ્યુ છે. પ્રતિ પાલતુ



કૂતરાં દીઠ રજિસ્ટ્રેશન ફીમાં પણ વધારો કરી રુપિયા બે હજાર કરવામા આવી છે. આમ છતાં અત્યારસુધીમાં ૧૯ હજારથી વધુ પાલતુ કૂતરાંનુ રજિસ્ટ્રેશન તેના માલિકો દ્વારા કરાવવામા આવ્યુ ચે.બુધવારે મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામા મળેલી વીકલી રિવ્યુ બેઠકમાં તેમણે એસ.ઓ.પી.બનાવવા સુચના આપી હતી.શહેરના વિવિધ વિસ્તારમાં રોડની કામગીરી ધીમી ગતિથી ચાલી રહી છે.